५६५

॥ ॐ ॥

॥ श्रीऋग्वेदीयसंध्याप्रयोग. ॥

योजनारः—महाराज श्री नथुरामशर्मा.

प्रकट करनार,

गिरनारा कहानजी जीवणराम ठाकर.

पोरबंदर, काठिआवाड.

"अकृत्वा वैदिकंनित्यं प्रत्यवायी भवेन्नरः" श्रुति.

ભાવાર્થ:—વેદપ્રતિપાદિત સંધ્યાવંદનાદિક નિત્યકર્મ નહિ કરીને દ્વિજ પાપરૂપ દોષને પામેછે.

संध्या येन न विज्ञाता संध्या येनानुपासिता।
जीवमानोभवेच्छूद्रो मृतः श्वा चाभिजायते॥

श्रीमरीचिऋषि॥

ભાવાર્થ—જે દ્વિજે (બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્યે) સંધ્યા જાણી નથી, અને સંધ્યોપાસના કરી નથી, તે દ્વિજને જીવતાં શૂદ્ર જાણવો, અને મુઆપછી કૂતરો થાયછે.

અમદાવાદ.

દાણાપીઠમાં "ગુજરાત ગેઝેટ" પ્રેસમાં છાપી.

દ્વિતીય સંસ્કરણ. ૨૦૦૦ મી પ્રતિ.

શાકે ૧૮૧૫. સંવત ૧૯૫૦.

આ ગ્રંથ ઋગ્વેદી દ્વિજોને પ્રકટકર્ત્તા તરફથી વિનામૂલ્યે મળેછે.

ભૂમિકા.

બ્રહ્માંડમાંના પ્રાણાપાનની સંધિસમયે પોતાના શરીરમાંના પ્રાણતત્ત્વની શુદ્ધિ કરવામાટે સમષ્ટિના પ્રાણરૂપ સૂર્યમાં રહેલા અંતર્યામીની ઉપાસનારૂપે જે કર્મ કરવામાં આવેછે, તે સંધ્યા કહેવાયછે. બ્રહ્માંડમાંના પ્રાણાપાનની વિશેષ સમય રહેનારી સંધિ સવાર, બપોર, સાંજ અને અર્ધરાત્રિએ થાયછે. શરીરમાંના પ્રાણાપાનની વિશેષ સમય રહેનારી સંધિનો સમય પણ બહુધા તેજ હોય છે. એ રીતે પિંડ અને બ્રહ્માંડમાં જ્યારે પ્રાણાપાનનું વહન શિથિળ પડી તે બંનેની સંધિરૂપ જે સુષુમ્ણા તેનું વહન વર્તમાન હોય ત્યારે સંધ્યોપાસના કરવી એમ કૃપાળુ મહર્ષિઓએ નિર્માણ કર્યું છે. મધ્યરાત્રિએ સંધ્યાવંદન કરવાનું કાર્ય દ્વિજોને કષ્ટદાયક જણાશે, એમ વિચારી તે પરમકારૂણિક મહર્ષિઓએ તે સમયમાટે આગ્રહ જણાવ્યો નથી. પણ માત્ર ત્રિકાળ સંધ્યા કરવાની જ આવશ્યકતા જણાવીછે.

મુદ્રા, ન્યાસ અને શાપવિમોચનાદિ તાંત્રિક ને ક્ષેપક વિષયો વૈદિકક્રિયામાં અગત્યના ન હોવાથી તે આ પુસ્તકમાં આપ્યા નથી. તેમ જ પ્રત્યેક મંત્રના આરંભમાં ઋષિ, દેવતા, છંદ ને વિનિયોગ સંસ્કૃતમાં બોલી જવાની આવશ્યકતા ન હોવાથી તે સંસ્કૃતમાં આપ્યા નથી. માત્ર ગૂજરાતીમાં આપેલછે.

अहरहःसंध्यामुपासीत (દ્વિજે નિત્ય નિત્ય સંધ્યાવંદન કરવું) એમ શ્રીવેદભગવાનની આજ્ઞા છે. સ્મૃતિઓમાં પણ પૂજ્ય મહર્ષિઓએ દ્વિજોને સંધ્યાવંદન કરવાની બહુ અગત્યતા બતાવીછે. વળી

લાગલાગટ ત્રણ દિવસ સંધ્યાવંદન નહિ કરવાથી દ્વિજ (બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્ય) શૂદ્રભાવને પામેછે, એટલે કે તેનાં શરીર, ઇંદ્રિયો, પ્રાણ ને અંતઃકરણમાં બહુ તમોગુણ વ્યાપ્ત થાયછે; તે તેથી સદ્-સત્ વિચારનો નિર્ણય કરવામાં તે અશક્ત થતો જાય છે. માટે પોતાનો ઉત્કર્ષ ઇચ્છનાર દ્વિજે યથાકાળે યથાવિધિ સંધ્યોપાસન કરવામાં પ્રમાદ નહિ કરતાં સૂતક અને *અસગવડતાના સમયમાં પણ યથાવિહિત સંધ્યાવંદન કરવા પ્રયત્ન કરવો જોઇએ.

પ્રાતઃકાળમાં જ્યારે નક્ષત્ર સ્પષ્ટ દેખાતાં હોય ત્યારે પ્રાતઃસંધ્યાનો આરંભ કરે તો તે ઉત્તમ કાળ, નક્ષત્ર ન દેખાતાં હોય એવે સમયે આરંભ કરે તો તે મધ્યમ કાળ, અને સૂર્યોદય થયાપછી આરંભ કરે તો તે કનિષ્ઠ કાળ છે. સાયંકાળે સૂર્ય સ્પષ્ટ દેખાતાં છતાં સંધ્યાવંદનનો આરંભ કરવો તે ઉત્તમ કાળ, સૂર્ય આથમી ગયાપછી આરંભ કરવો તે મધ્યમ કાળ ને નક્ષત્ર દેખાયા પછી આરંભ કરવો તે કનિષ્ઠ કાળ જાણવો. દોઢ પ્રહર દિવસ ચઢ્યા પછીથી ઠેઠ સાયંકાળસુધી મધ્યાહ્નસંધ્યાનો સમય ગણાયછે. પ્રાતઃસંધ્યાદિનો જે ઉત્તમ સમય કહ્યો તેમનું ઉલ્લંઘન થઇ જાય તો પ્રાયશ્ચિત્તનિમિત્ત એક અર્ઘ્ય વધારે આપવો. અત્યંત અશક્તિને લીધે સંધ્યાનો લોપ થયો હોય તો પ્રત્યેક સંધ્યાદીઠ સો સો ગાયત્રીનો જપ કરવો. ત્રણ કરતાં અધિક દિવસ સંધ્યાનો લોપ થયો હોય તો ઉપવાસાદિ પ્રાયશ્ચિત્ત કરવું. શ્રાદ્ધમાં જમ્યા હોય તો દશ ગાયત્રીવડે મંત્રીને જળ પીધા પછી સાંજની સંધ્યા કરવી.

॥ इति शिवम्. ॥

---

* સગવડતા ન હોવાથી બધી સંધ્યા ન થઇ શકે એમ હોય તો અર્ઘ્યપ્રદાન અને દશ ગાયત્રીમંત્રનો જપ એ અવશ્ય કરવાં જોઇએ.

॥ ॐ ॥

॥ श्रीऋग्वेदीयसंध्याप्रयोग. ॥

પ્રાતઃકાળમાં ઉઠી પોતાના ઈષ્ટદેવનું ધ્યાન, સ્મરણ તથા ઈષ્ટમંત્રનો જપ કરી પછી આંખો ધોઈ કોગળા કરી મળમૂત્રનો ત્યાગ કરવા જવું. પછી ગુદા, શિષ્ન તથા હાથપગને યથાવિધિ ધોઈ કોગળા કરી યોગ્ય વૃક્ષનું બાર આંગળ લાંબું ને ટચલી આંગળી જેવું જાડું, સરલ ને છાલવાળું દાતણ એક સ્થળે બેસીને કરવું. પછી ઘેર સ્નાન કરવું હોય તો તે નીચેના વિધિપ્રમાણે ઉષ્ણોદકથી કરવું.

उष्णोदकस्नानविधि.

ઘરે ગરમ * જળવડે સ્નાન કરવું. ટાઢા જળવડે કરવું નહિ. પાત્રમાં તીર્થભાવનાએ થોડું ટાઢું જળ રેડી તેઉપર ગરમ જળ નાંખવું. પછી

ॐ शं नो देवीरभिष्टय आपो भवन्तु पीतये । शं यो रभिस्रवंतु नः ॥

---

* મરણ, પુત્રાદિકનો જન્મકાળ, સંક્રાંતિ, શ્રાદ્ધદિવસ, પોતાનો જન્મદિવસ, અને સ્પર્શનેઅયોગ્ય એવી વસ્તુનો સ્પર્શ એ નિમિત્ત હોય તો ઉષ્ણ જળે સ્નાન કરવું નહિ.

॥ ॐ आपःपुनंतु[1]० ई० ॥ ने ॐ आपोहिष्ठामयो[2]० ई०॥ એ ઋચાઓવડે તે જળને અભિમંત્રી ગંગાદિ તીર્થોનું સ્મરણ કરી પછી સ્નાન કરવું. ઘરે સ્નાન કરવામાં આચમન, અઘમર્પણ અને તર્પણ એ કરવાં નહિ. સ્નાન કર્યાપછી આચમન ને માર્જન કરવાં. એ રીતે સ્નાન કરી સૂકાયેલું વસ્ત્ર પહેરી સ્નાનસમયે પહેરેલું ભીનું વસ્ત્ર ઉપરથી ઉતારવું. નીચોવેલું વસ્ત્ર ખભાઉપર ધરવું નહિ. જ્યારે પુરૂષ અશુચિ હોય ત્યારે તેણે મૌનપણે સ્નાન કરી, પછી આચમન કરી પુનઃ વિધિપૂર્વક સ્નાન કરવું.

गौणस्नान.

ॐ आपोहिष्ठा*० ઈ૦ મંત્રવડે અંગને પ્રોક્ષણ કરવું તે મંત્રસ્નાન. દશ ગાયત્રીમંત્રથી જળ મંત્રી તે જળથી અંગને પ્રોક્ષણ કરવું તે ગાયત્ર્યસ્નાન. ભસ્મથી સ્નાન કરવું (શરીરના ભાગોને થોડી થોડી ભસ્મ લગાડવી) તે આગ્નેયસ્નાન. વસ્ત્ર પલાળી તેવડે શરીરને લુંછવું તે કાપિલસ્નાન. મૃતિકાથી સ્નાન કરવું તે પાર્થિવસ્નાન. ને આત્મચિંતન કરવું તે માનસસ્નાન ગણાયછે. પ્રત્યેક સ્નાનને અંતે ધોયેલું વસ્ત્ર પહેરી ઉપવસ્ત્ર ધારણ કરવું. ગૌણસ્નાન કરવાથી જપ, સંધ્યા, ઈત્યાદિ કરી શકાયછે. પરંતુ તેવા સ્નાનથી શ્રાદ્ધકર્મ તથા દેવપૂજા ઇત્યાદિક કરી શકાતાં નથી. આ સ્નાનો માત્ર શરીરની અસુખાકારીના પ્રસંગમાં જ કરવાનાં છે. શરીર સ્વસ્થ હોય છતાં ગૌણસ્નાન કરી સંધ્યાદિ નિત્યકર્મ કરવું એ યોગ્ય નથી.

---

१ આ મંત્ર મધ્યાહ્નસંધ્યામાં પૂરો આપેલછે, માટે ત્યાં જુઓ.

२ આ મંત્રો પ્રાતઃસંધ્યામાં આપેલ છે માટે ત્યાં જુઓ.

* પ્રાતઃસંધ્યામાં જુઓ.

भस्मनां त्रिपुंड्रनो विधि.

સ્નાન કરી રહ્યાપછી અંતમાં અને સંધ્યા, જપ, હોમ, વૈશ્વદેવ, દેવપૂજન, બ્રહ્મયજ્ઞ, શ્રાદ્ધ, દાન ને સ્વાધ્યાયના આરંભમાં અવશ્ય ભસ્મનાં ત્રિપુંડ્ર કરવાં જોઇએ. પ્રથમ ડાબા હાથમાં ભસ્મ લઈપછી તેપર જમણો હાથ રાખી સંપુટ કરી "**ॐ अग्निरिति भस्म, वायुरिति भस्म, जलमिति भस्म, स्थलमिति भस्म, व्योमेति भस्म, सर्वं ह्वा इदं भस्म, मन एतानि चक्षूंषि भस्मानि**" એ મંત્રવડે તે મંત્રી તેમાં "**ॐ आपोज्योती रसो मृतं ब्रह्म भूर्भुवः स्वरोम्**" એ મંત્રવડે જળ નાંખી પછી બંને હાથની વચલી ત્રણ આંગળીઓવડે તે ભસ્મને **ॐ त्र्यंबकं यजामहे सुगंधिं पुष्टिवर्द्धनम् । उर्वारुकमिव बंधनान्मृत्योर्मुक्षीयमाऽमृतात्** એ મંત્ર બોલી મસળવી, પછી સૂર્યને પ્રદર્શિત કરી તે ભસ્મવડે લલાટ, હૃદય, નાભી, કંઠ, ખભા, બાહુઓની સંધિઓ, પડખાં અને શિર, એ સ્થાનકે "**ॐ नमःशिवाय**" એ મંત્રવડે ત્રિપુંડ્ર કરવાં.

॥ अथ प्रातःसंध्या. ॥

સંધ્યા કરનારે પવિત્ર જળથી સ્નાન કરી, શુદ્ધ વસ્ત્ર પહેરી, બીજું ધોયેલું ઉપવસ્ત્ર ડાબે ખભે રાખી, પવિત્ર આસનપર પૂર્વાભિમુખે બેસી, આચમન કરી, પછી નીચે લખેલો ગાયત્રીમંત્ર બોલી શિખા બાંધવી:—

ॐ भूर्भुवःस्वः तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि ॥

धियो योनः प्रचोदयात् ॥[1]

પછી આચમનીમાં જળ લઇ નીચે પ્રમાણે સંધ્યાનો સંકલ્પ કરી તે જળ તરભાણીમાં નાંખવું.

अत्राद्य महामांगल्यप्रद अमुकमासे[2] **अमुकपक्षे**[3] **अमुक-**

---

૧. ગાય+ત્રી=ગાયત્રી–ગાનાર(યથાવિધિ જપ કરનાર)ને પાપથકી તારનાર.

ॐ એ શબ્દ ઇશ્વરનો વાચક છે. ને પ્રત્યેક વૈદિકમંત્રના આરંભમાં તેનો ઉચ્ચાર કરવાની આવશ્યકતા છે. **भूःभुवःस्वः** એ ત્રણ વ્યાહૃતિ છે. ત્રણ વેદમાંથી સારરૂપે ખેંચી કાઢેલ જે ત્રણ અથવા સાત શબ્દો તે વ્યાહૃતિ કહેવાયછે. એ ત્રણ વ્યાહૃતિ અહીં શ્રી સૂર્યના વિશેષણરૂપે વપરાયેલી છે. ને તેમનો ક્રમથી પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગ એવો અર્થ થાયછે. આઠ આઠ અક્ષરનું એક ચરણ એવાં ત્રણ ચરણ મળીને ગાયત્રી થાયછે, માટે તેને ત્રિપદા પણ કહેછે. પહેલા ચરણમાં **ण्यं** છે તેનું **णियं** ગણવાથી તેના **तत्स**થી **दयात्** સુધીના ૨૪ અક્ષરો થાયછે. તે આ પ્રમાણેઃ—

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
त त्स वि तु र्व रे णि यं, भ र्गो दे व स्य धी म हि,
૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧ ૨૨ ૨૩ ૨૪
धि यो यो नः प्र चो द यात् ॥

શબ્દાર્થઃ—પૃથ્વી, અંતરિક્ષ ને સ્વર્ગને ઉત્પન્ન કરનાર દેવ (સૂર્ય)-નું જે [ઉત્તમ તેજ] અમારી બુદ્ધિને [ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં] પ્રેરે છે, તે ઉત્તમ તેજનું અમે ધ્યાન કરીએ છીએ.

૨. અહીં જે માસ હોય તે કહેવો:–જેમ **कार्तिकमासे, मा-**

तिथौ[४] अमुकवासरे[५] यथावर्तमाननक्षत्रयोगकरणलग्नमुहूर्त-समवाये एवंग्रहगणविशिष्टायां शुभपुण्यतिथौ ममोपात्तदुरितक्षयार्थं प्रातःसंध्योपासनमहं करिष्ये. ॥

પછી **ॐ भूः पुनातु** બોલી પહેલું, **ॐ भुवःपुनातु** બોલી બીજું, ને **ॐ स्वःपुनातु** બોલી ત્રીજું એમ ત્રણ આચમન લેવાં.

પછી નીચેના મંત્રોથી માર્જન કરવું. [એ મંત્રોના સિંધુદ્વીપ

र्गशीर्षमासे, पौषमासे, माघमासे, फाल्गुनमासे, चैत्रमासे, वैशाखमासे, ज्येष्ठमासे, आषाढमासे, श्रावणमासे, भाद्रपदमासे, आश्विनमासे.

૩. અહીં જે પક્ષ હોય તે કહેવો:—જેમ **शुक्लपक्षे, कृष्णपक्षे.**

૪. અહીં જે તિથિ હોય તે કહેવી:—જેમ **प्रतिपत्तिथौ, द्वितीयायां तिथौ, तृतीयायां तिथौ, चतुर्थ्यां तिथौ, पंचम्यां तिथौ, षष्ठ्यां तिथौ, सप्तम्यां तिथौ, अष्टम्यां तिथौ, नवम्यां तिथौ, दशम्यां तिथौ, एकादश्यां तिथौ, द्वादश्यां तिथौ, त्रयोदश्यां तिथौ, चतुर्दश्यां तिथौ, पौर्णमास्यां तिथौ, अमावास्यां तिथौ.**

૫. અહીં જે વાર હોય તે બોલવો:—જેમ **रविवासरे, सोमवासरे, भौमवासरे, बुधवासरे, गुरुवासरे, भृगुवासरे, शनिवासरे.**

ઋષિ, જળદેવતા ને ગાયત્રી, વર્ધમાના, પ્રતિષ્ઠા ને અનુષ્ટુપ્ એ છંદો છે. માથાપર માર્જન કરવામાં તે મંત્રોનો ઉપયોગ છે. નવ મંત્રોથી માર્જન કરવા અશક્ત હોય તેમણે પ્રથમના ત્રણ મંત્રથી માર્જન કરવું.]

ॐ आपो हि ष्ठामयो भुवस्तानऊर्ज्जे दधातन ॥ महेरणाय चक्षसे॥१॥ ॐ यो वः शिवतमो रसस्तस्य भाजयतेहनः॥ उशतीरिवमातरः ॥ २ ॥ ॐतस्माऽरङ्गमामवोयस्य क्षयाय जिन्वथ ॥ आपो जन यथाचनः ॥३॥ शन्नो देवी

---

૬. શબ્દાર્થઃ—હે પાણી! [તમે સર્વ પ્રાણિઓને] સુખ આપનાર થાઓ. [તેવા] તમે અમને અન્નમાટે સ્થાપો. (અમને સઘળી જાતનાં અન્નની પ્રાપ્તિયોગ્ય કરો.) [તથા અમને] મોટા રમણીય સમ્યક્ જ્ઞાનમાટે [યોગ્ય કરો].

૭. શબ્દાર્થઃ—[હે પાણી!] જે તમારો અત્યંત કલ્યાણકારી રસ [છે,] તે[રસ]ની અમને અહીંઆં પ્રાપ્તિ કરો, [પુત્રનું ભલું] ઇચ્છતી માની પેઠે. (જેમ મા પોતાના દીકરાનું કલ્યાણ ઇચ્છતી તેનું, દૂધ વિગેરે રસથી પોષણ કરેછે, તેમ હે જળ! તમે અમારૂં પોષણ કરો.)

૮. શબ્દાર્થઃ—હે પાણી! જે [અન્ન]ના નિવાસમાટે [તમે ઓષધિને]તૃપ્ત કરોછો, તે [અન્ન] માટે [અમે] તમને ચારે ભણીથી પામીએ છીએ. વળી [હે જળ! તમે] અમને [પુત્ર પૌત્રાદિ] ઉત્પન્ન કરવામાં સમર્થ કરો.

रभिष्टय आपो भवंतु पीतये ॥ शंयोराभिस्रवंतु नः ॥४॥[९] ईशानावार्याणां क्षयंतीश्चर्षणीनां ॥ आपोयाचामि भेषजं ॥५॥[१०] अप्सुमे सोमो अब्रवीदंतर्विश्वानि भेषजा ॥ अग्निं च विश्वशंभुवं ॥६॥[११] आपः पृणीत भेषजं वरूथं तन्वे ३ मम ॥ ज्योक्च सूर्यंदृशे ॥७॥[१२] इदमापः प्रवहत यत्किंच दुरितं मयि । यद्वाहमभिदुद्रोह यद्वाशेपउतानृतं ॥ ८ ॥[१३] आपो अद्यान्व चारिषं रसेन समगस्महि। पयस्वानग्न आ-

---

૯. શબ્દાર્થઃ—પ્રકાશમાન્ પાણી અમને અમારા યજ્ઞમાટે સુખરૂપ થાઓ, [તથા] પીવામાટે [સુખ રૂપ થાઓ;] [તેમ જ તે] ઉત્પન્ન થયેલા રોગનું શમન [ને]નહિ ઉપજેલાનું પૃથક્કરણ [કરો.] [અને વળી] અમારાઉપર [શુદ્ધિનેમાટે] વર્ષો.

૧૦. શબ્દાર્થઃ—જળવડે ઉપજેલ[ડાંગર જવાદિ]ના સ્વામિઓ [ને] મનુષ્યોના નિવાસ કરાવનાર જે જળો [તેમની પાપ દૂર કરવારૂપ] સુખને માટે [હું] પ્રાર્થના કરૂંછું.

૧૧. શબ્દાર્થઃ—જળની મધ્યે સર્વે ઔષધો [છે, એમ] મને (મંત્રદ્રષ્ટાઋષિને) સોમદેવતા કહેતા હવા. અને સર્વ જગત્ને સુખ કરનાર [એ નામનો] અગ્નિ [પણ જળમાં વસેછે એમ સોમદેવતા મને કહેતા હવા.]

૧૨. શબ્દાર્થઃ—હે પાણી! મારા શરીરમાટે રોગનું નિવારણ કરનાર ઔષધ પરિપૂર્ણ કરો, અને [અમે] દીર્ઘ કાળ સૂર્યને જોવાને [નિરોગી રહીએ એમ કરો.]

૧૩. શબ્દાર્થઃ—મારામાં જે કાંઇ [અજ્ઞાનવડે થયેલું] પાપ હોય, અથવા મેં જે બધે ઠેકાણે બુદ્ધિપૂર્વક દ્રોહ કરેલ હોય, કિંવા જે [સા-

गहितं मासंमृजवर्चसा ॥९॥[१४]

પછી ત્રણ પ્રાણાયામ કરવા. પ્રાણાયામ કરવાનો સામાન્ય વિધિ આ પ્રમાણે છેઃ—આંખો બંધ રાખી મૌન ધારણ કરી નાકના ડાબા છિદ્રથી સહજ રેચક કરી પછી જમણા હાથની અનામિકા તથા ટચલી આંગળીથી તે છિદ્ર દબાવી, જમણા છિદ્રદ્વારા બહારના અમૃતમય વાયુનું યથાશક્તિ આકર્ષણ કરવું. એ સમયે ગુદાને સારી રીતે સંકોચી રાખવી. પછી અંગુઠાવડે જમણું છિદ્ર પણ રોકી દેવું. અને ડોકને નીચે નમાવી નીચેના મંત્રનું મનમાં ત્રણ વાર સ્મરણ કરતાં-સુધી તે પૂરેલા પવનને રોકી રાખવો. પછી ડોકને પૂર્વવત્ ઉંચી કરી નાભીને બરડાભણી ખેંચી ડાબા છિદ્રવાટે અંતર્ના પવનને ધીરે ધીરે બહાર કાઢવો. આ એક પ્રાણાયામ થયો.[૧૫] આવા ત્રણ પ્રાણાયામ કરવાના છે.

ॐ भूः ॐ भुवः ॐ स्वः ॐ महः ॐ जनः ॐ तपः ॐ सत्यं ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो यो नः

ધુજનને] સંતાપ્યા હોય, તેમ જ વળી [મારાથી] જે અસત્ય [બોલાયું હોય તે] આ[સર્વ અપરાધજનિત પાપ]ને હે પાણી ! [મારામાંથી] પ્રવાહવડે બીજે સ્થળે લઈ જાઓ.

૧૪. શબ્દાર્થઃ—[અમે] આજ પાણીમાં અનુપ્રવેશ કર્યોછે, [ને અમે] જળના સારવડે સારી રીતે યુક્ત થયા છીએ. હે દૂધયુક્ત અગ્ને ! [તમે જળમાં વર્તમાન છો માટે] આવો, [અને] એ [સ્નાન (માર્જન)] મને તેજવડે સમ્યક્ પ્રકારે યુક્ત કરો.

૧૫. આ આરંભના સાધકમાટે કર્મકાંડની પદ્ધતિના પ્રાણાયામ સમજવા. પૂરકથી ચાર ગણો કુંભક તથા બમણો રેચક કરવો એ યોગમાર્ગની પ્રક્રિયા કઠિણ હોવાથી આમાં આપી નથી.

प्रचोदयात् ॐ आपोज्योतीरसोमृतं ब्रह्म भूर्भुवःस्वरोम् ॥[१६]

પછીથી નીચેનો મંત્ર [એના નારાયણઋષિ, સૂર્ય દેવતા ને અનુષ્ટુપ્‌છંદ છે; ને આચમન લેવામાં તેનો ઉપયોગ છે. કોઈ પ્રયોગકારે તેના યાજ્ઞવલ્ક્યોપનિષદ્ ઋષિ; સૂર્ય, મન્યુ, મન્યુપતયઃ તથા રાત્રિ એ દેવતા; અને ગાયત્રી, પંક્તિ ને વિરાજ એ છંદો કહેલાછે,] બોલી આચમન

---

૧૬. ૐકાર એટલે પ્રણવના અનુક્ત ગોત્ર એવા બ્રહ્મા ઋષિ [કોઈ પ્રયોગમાં પરબ્રહ્મ ઋષિ પણ કહ્યાછે.] પરમાત્મા દેવતા ને દૈવીગાયત્રી છંદ છે. વિશ્વામિત્ર, જમદગ્નિ, ભરદ્વાજ, ગૌતમ, અત્રિ, વસિષ્ઠ અને કશ્યપ, એ સાત, સાત વ્યાહૃતિના ઋષિ છે. [દયાશંકરની પદ્ધતિપ્રમાણે ભરદ્વાજ, કશ્યપ, ગૌતમ, અત્રિ, વિશ્વામિત્ર, જમદગ્નિ ને વસિષ્ઠ એ સાત, સાત વ્યાહૃતિના ક્રમથી ઋષિ છે.] અગ્નિ, વાયુ, આદિત્ય, બૃહસ્પતિ, વરૂણ, ઇંદ્ર ને વિશ્વેદેવા એ સાત, સાત વ્યાહૃતિના દેવતા છે. ને ગાયત્રી, ઉષ્ણિક્ અનુષ્ટુપ્ બૃહતી, પંક્તિ, ત્રિષ્ટુપ્ ને જગતી એ સાત, સાત વ્યાહૃતિના છંદો છે. ગાયત્રી મંત્રના વિશ્વામિત્ર ઋષિ; સવિતા દેવતા ને નિચૃદ્‌ગાયત્રી છંદ છે. ગાયત્રીના શિરના પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ, અગ્નિ, વાયુ ને આદિત્ય દેવતા; ને યજુષ્ છંદ છે. એ બધા મંત્રનો પ્રાણાયામમાં ઉપયોગ છે.

ગાયત્રીની આગળ જે સાત વ્યાહૃતિ છે, તે સૂર્યના વિશેષણરૂપે છે, ને ગાયત્રીનો શિરોભાગ પણ સૂર્યના વિશેષણરૂપે છે. એ સાત વ્યાહૃતિવડે એ નામનાં સાત લોક સમજવાં; ગાયત્રીના શિરોભાગનો શબ્દાર્થ આ પ્રમાણે છેઃ—જળરૂપ, જ્યોતિરૂપ, રસરૂપ, અમૃતરૂપ, વ્યાપકરૂપ, ઉત્પત્તિ કરનાર, સ્થિતિ કરનાર, રક્ષણ કરનાર [ને] ૐકારરૂપ,

લેવું:—ॐ सूर्यश्च मा मन्युश्च मन्युपतयश्च मन्युकृतेभ्यः पापेभ्यो रक्षंतां, यद्रात्र्या पापमकार्षं, मनसा वाचा हस्ताभ्यां, पद्भ्यामुदरेण शिश्ना, रात्रिस्तदवलुंपतु, यत्किंचिद्दुरितं मयि, इदमहंमाममृतयोनौ,सूर्येज्योतिषिजुहोमि, स्वाहा ॥[17]

એ પ્રમાણે આચમન કરી રહ્યાપછી જમણી હથેળીમાં જળ રાખી ડાબા હાથના અંગુઠાવડે નાકનું ડાબું છિદ્ર દબાવી રાખી

ગાયત્રીનું આવાહન કરવાની જેને ઇચ્છા થાય તેણે ત્રણે સંધ્યામાં પ્રાણાયામ કરી રહ્યાપછી નીચે પ્રમાણે બોલી ગાયત્રીનું આવાહન કરવું:—

आयातु वरदा देवी अक्षरं ब्रह्म संमितं ॥ गायत्रीं छंदसां माता इदं ब्रह्म जुषस्वमे ॥ १ ॥ यदह्नाकुरुते पापं तदह्नात्प्रतिमुच्यते ॥ यद्रात्र्या कुरुते पापं तद्रात्र्यात्प्रतिमुच्यते ॥ २ ॥ सर्ववर्णे महादेवि संध्ये विद्ये सरस्वति ॥ अजरे अमरे देवि सर्व देवि नमोस्तुते ॥३॥

૧૭. શબ્દાર્થ:—સૂર્ય તથા યજ્ઞ અને યજ્ઞના પતિઓ (ઇંદ્રાદિ દેવો) અસાંગયજ્ઞકૃત પાપોથી મારી રક્ષા કરે. મનથી, વાણીથી, હાથથી, પગથી, પેટથી [ને] લિંગથી રાત્રિએ [મેં] જે પાપ કર્યું હોય, તે [પાપ] રાત્રિ દૂર કરે. [તથા] મારામાં જે કાંઈ પાપ [હોય તે થકી] મારૂં [રક્ષણ કરે.] હે જળ ! આ [પાપ]ને હું હૃદયના મધ્યમાં રહી પ્રકાશ કરનાર મોક્ષના કારણ સૂર્યમાં [આચમનવડે] હોમુંછું, [તે] સારી રીતે હોમેલું થાઓ.

જમણી હથેળીને નાકના જમણા છિદ્રઆગળ રાખી, નીચેનો મંત્ર વચ્ચે અટક્યાવગર એકશ્વાસે એકવાર મનમાં બોલી, તે છિદ્રદ્વારે રેચક કરવો. પછી તે જળને જોયાવિના ડાબા હાથભણી નાંખી દેવું; ને તે જળમાં નીકળેલા પાપપુરૂષના હજારો કડકા થઇ ગયા એવી ભાવના કરવી. [એ મંત્રના અઘમર્ષણ ઋષિ, ભાવવૃત દેવતા ને અનુષ્ટુપ્ છંદ છે. ને અઘમર્ષણ કરવામાં તેનો ઉપયોગ છે.]

ॐ ऋतं च सत्यं चाभीद्धात्तपसोऽध्यजायत । ततो रात्र्यजायत ततः समुद्रोऽर्णवः । समुद्रादर्णवादधिसंवत्सरो अजायत । अहोरात्राणि विदधद्विश्वस्य मिषतोवशी । सूर्याचंद्रमसौ धाता यथापूर्वमकल्पयत् । दिवं च पृथिवीं चांतरिक्षमथोस्वः ॥ [१८]

એવી રીતે અઘમર્ષણ કરી રહ્યાપછી આચમન લેવું. ત્યારપછી સૂર્યના સામા ઉભા રહી, તર્જની તથા અંગુઠો ન અડે એવી

---

૧૮. શબ્દાર્થઃ—સર્વત્ર પ્રકાશમાન એવા પરબ્રહ્મથી પ્રથમ ઋત (પ્રકૃતિ) તથા સત્ય (મહત્તત્ત્વ) એ ઉપજ્યાં. પછી રાત્રિ એટલે અંધકાર કરનાર અહંકાર ઉપજ્યો. પછી પરિણામ પામનાર તન્માત્રાસમૂહ [ઉપજ્યો]. પરિણામ પામનાર તન્માત્રાસમૂહથી સ્થૂળભૂતસમૂહ ઉત્પન્ન થયો. [પછી] વિશ્વને રચવામાં સમર્થ એવા બ્રહ્મા પૂર્વ કલ્પ પ્રમાણે દિવસરાત્રિના વિભાગ કરનાર સૂર્યચંદ્રને સરજતા હવા. [તેમ જ] મહર્લોક તથા પૃથ્વી ને અંતરિક્ષ તથા સ્વર્ગલોક [પણ સરજતા હવા].

રીતે ખોબામાં કિંવા અર્ધ્યપાત્રમાં જળ લઈ સપ્રણવ ત્રણ વ્યાહૃતિસહિત ગાયત્રીમંત્રવડે સૂર્યને ત્રણ અર્ઘ્ય આપવા. અનુકૂળતા હોય તો એ અર્ઘ્ય ચંદન, અક્ષત તથા પુષ્પસહિત આપવા. દિવસ ઉગી ગયાપછી સંધ્યા કરવામાં આવે તો પ્રાયશ્ચિત્તનિમિત્ત પુષ્પસહિત એક ચોથો અર્ઘ્ય ઉપરની રીતે આપવો.

પછીથી બંને પગના ફણાઉપર ઉભા રહી, બંને હાથ ઉંચા કરીને નીચેના મંત્રોદ્વારા સૂર્યનું ઉપસ્થાન કરવું. [એ મંત્રોના અંગિરાના પુત્ર કુત્સ ઋષિ, સૂર્ય દેવતા ને ત્રિષ્ટુપ્ છંદ છે. સૂર્યનું ઉપસ્થાન કરવામાં તેનો ઉપયોગ છે.]

ॐ उदुत्यं जातवेदसं देवं वहंति केतवः। दृशे विश्वाय सूर्यं ॥१॥ [१९]

ॐ चित्रं देवानामुदगादनीकं चक्षुर्मित्रस्य वरुणस्याग्नेः। आप्राद्यावापृथिवी अन्तरिक्षं सूर्य आत्मा जगतस्तस्थुषश्च॥ [२०]

ઉપસ્થાન કરી રહ્યાપછી ઉભા રહીને સ્થિર ચિત્તે દશ, અ-

---

૧૯. શબ્દાર્થઃ—તે પ્રકાશરૂપ દેવ સૂર્યને કિરણો જગતૂના પ્રકાશને માટે ઉત્કર્ષથી ધારણ કરેછે—ઊંચે લઈ જાયછે. [એ સૂર્યને અમે પામીએ છીએ.]

૨૦. શબ્દાર્થઃ—દેવતાઓના સમૂહરૂપ, મિત્રદેવતાના વરૂણદેવતાના [ને] અગ્નિદેવતાના ચક્ષુરૂપ [આ સૂર્ય] વિચિત્રતાથી ઉદય પામે છે. જંગમ અને સ્થાવરના આત્મારૂપ [આ] સૂર્ય [પોતાના કિરણોના સમૂહથી] સ્વર્ગ, પૃથ્વી [તથા] અંતરિક્ષને વ્યાપ્ત કરેછે.

દ્વાવિંશ, એકસોઆઠ કે એક હજારઆઠ ગાયત્રીમંત્રનો જપ અર્થના સ્મરણપૂર્વક કરવો. જપ કરમાળાથી કિંવા રૂદ્રાક્ષની માળાથી હાથને નાભીપર રાખી તેપર વસ્ત્ર ઢાંકી કરવાનો છે.[२१] પછી આસનને પ્રદક્ષિણા કરી, આસનઉપર બેસી ગુરૂ, દેવ તથા બ્રાહ્મણને પૃથ્વીને સ્પર્શ થાય એવી રીતે હાથ રાખી નમસ્કાર કરવા. પછી આચમનીમાં જળ લઇ નીચે પ્રમાણે બોલી તે જળ તરભાણીમાં નાંખી સંધ્યાની સમાપ્તિ કરવી.

अनेन प्रातःसंध्याख्येन कर्मणा श्रीभगवान् परमेश्वरः प्रीयताम् न मम ॥

॥ इति प्रातः संध्या ॥

॥ अथ मध्याह्नसंध्या ॥

મધ્યાહ્નસંધ્યામાં જે વિશેષ કિંવા ભિન્નપણું છે, તે દર્શાવવામાં આવેછે.

સંકલ્પમાં:—**मध्याह्नसंध्योपासनमहं करिष्ये** એમ કહેવું.

પ્રાણાયામ પછીનું આચમન નીચેના મંત્રોદ્વારા લેવું. [એના

---

૨૧. જેણે ગાયત્રીનું આવાહન કર્યું હોય તેણે ત્રણે કાળમાં નીચેનો મંત્ર બોલી તેનું વિસર્જન કરવું:—

ॐ उत्तमे शिखरेजाता भूम्यां पर्वतमूर्धनि
ब्राह्मणैरभ्यनुज्ञाता गच्छ देवि यथासुखम् ॥१॥

નારાયણ ઋષિ, જળ દેવતા ને ગાયત્રી છંદ છે આચમન લેવામાં તેનો ઉપયોગ છે, કોઇ પ્રયોગકારે તેના યાજ્ઞવલ્કયોપનિષદ્ ઋષિ; જળ, પૃથ્વી, બ્રહ્મણસ્પતિ ને બ્રહ્મદેવતા; ને અષ્ટપદાષ્ટિ છંદ કહેલછે.]

आपः पुनंतु पृथिवीं पृथ्वी पूता पुनातु मां ॥ पुनंतु ब्रह्मणस्पतिर्ब्रह्मपूतापुनातु मां ॥ यदुच्छिष्ठमभोज्यंचयद्वादुश्चरितंमम ॥ सर्वंपुनंतुमामापोऽसतांचप्रतिग्रहंस्वाहा ॥[22]

ગાયત્રીમંત્રવડે સૂર્યને એક અર્ધ્ય ઉંચે ઉછાળીને આપવો. ગાયત્રીમંત્રનો જપ હૃદયઆગળ હાથ રાખીને કરવો. ને અંતે સમાપ્તિમાં **अनेन मध्याह्नसंध्याख्येन** ૪૦ કહેવું.

બાકીનું બીજું બધું પ્રાતઃસંધ્યાપ્રમાણે કરવું.

॥ इति मध्याह्नसंध्या ॥

॥ अथ सायंसंध्या ॥

સાયંસંધ્યામાં જે વિશેષ કિંવા ભિન્નપણું છે, તે દર્શાવવામાં આવેછે.

સંકલ્પમાં:—**सायंसंध्योपासनमहं करिष्ये** એમ કહેવું.

---

૨૨. શબ્દાર્થ:—પાણી પૃથ્વીને (સ્થૂળ શરીરને) પવિત્ર કરે. પવિત્ર થયેલી પૃથ્વી (સ્થૂળ શરીર) મને (ક્ષેત્રજ્ઞને) પવિત્ર કરે, [વળી તે પાણી] બુદ્ધિને પવિત્ર કરે, પવિત્ર થયેલી બુદ્ધિ મને પવિત્ર કરે. જે એઠું અને નિંદિત ભોજન તથા [જે] અપ્રતિગ્રહ્યનો પ્રતિગ્રહ [મેં ગ્રહણ કરેલ હોય] અથવા જે મારામાં દુરાચરણ [હોય તે] સર્વથી જળ મને પવિત્ર કરે. [આ આચમનવડે સર્વ પાપો] સારી રીતે હોમેલ થાઓ.

પ્રાણાયામપછીનું આચમન નીચેના મંત્ર [એ મંત્રના નારાયણ ઋષિ, અગ્નિ દેવતા, ને પ્રકૃતિ છંદ છે. આચમન લેવામાં તેનો ઉપયોગ છે. કોઇ પ્રયોગમાં તેના યાજ્ઞવલ્કયોપનિષદ્ ઋષિ; અગ્નિ, મન્યુ, મન્યુપતયઃ તથા દિવસ એ દેવતા; ને ગાયત્રી, પંક્તિ ને વિરાજ એ છંદો કહ્યાછે.] બોલીને લેવું:—

ॐ अग्निश्च मामन्युश्च मन्युपतयश्च मन्युकृतेभ्यः पापेभ्यो रक्षंतां, यद्ह्लापापमकार्षं, मनसावाचाहस्ताभ्यां, पद्भ्यामुदरेण शिश्ना, अहस्तदवलुंपतु, यत्किंचिद्दुरितंमयि, इदमहंमाममृतयोनौ, सत्येज्योतिषि जुहोमि, स्वाहा ॥ [२३]

ગાયત્રીજપ, બેસીને નાસિકાગ્રપાસે હાથ રાખી તેપર વસ્ત્ર ઢાંકી કરવો.

સાયંસંધ્યા પશ્ચિમાભિમુખે કરવી. ગાયત્રીજપ પણ તે જ દિશાભણી મુખ રાખી બેસીને કરવો. પણ ઉપસ્થાન અને અર્ઘ્યપ્રદાન

---

૨૩. શબ્દાર્થઃ—અગ્નિ તથા યજ્ઞ અને યજ્ઞપતિઓ (ઇંદ્રાદિ દેવો) અસાંગયજ્ઞકૃતપાપોથી મારી રક્ષા કરે. મનથી, વાણીથી, હાથથી, પગથી, પેટથી [ને] લિંગથી દિવસે [મેં] જે પાપ કર્યું હોય તે [પાપ] દિવસ દૂર કરે. [તથા] મારામાં જે કાંઇ પાપ [હોય તેથકી] મારૂં [રક્ષણ કરે.] હે જળ! આ [પાપ] ને હું હૃદયના મધ્યમાં રહી પ્રકાશ કરનાર મોક્ષના કારણ સત્ય (સૂર્ય)માં [આચમનવડે] હોમુંછું, તે સારી રીતે હોમેલું થાઓ.

નો ઉભા થઇને જ કરવાં. સમાપ્તિમાં **अनेन सायंसंध्याख्येन** ઇત્યાદિ કહેવું.

બાકીનો ભાગ પ્રાતઃસંધ્યાપ્રમાણે.

॥ इति सायंसंध्या ॥

॥ इति ऋग्वेदीयसंध्याप्रयोग. ॥

सूतकमां संध्या करवानो विधि.

પ્રાણાયામ મંત્રરહિત કરવા. મંત્રરહિત આચમન લેવું. **ॐ आपोहि०** ઇ૦ મંત્રો મનમાં ભણીને માર્જન કરવું. ગાયત્રીમંત્ર સારી રીતે બોલીને તેવડે સૂર્યને અર્ધ્યપ્રદાન કરવું. **सूर्यश्च०** એ મંત્રથી આચમન ન કરવું તેમ ઉપસ્થાન પણ ન કરવું. દશ ગાયત્રીનો માનસિક જપ કરવો.

॥ अथ यज्ञोपवीतधारणप्रयोग ॥

સૂતકની તથા ગ્રહણની સમાપ્તિએ, ચાર માસે, અથવા આકસ્મિક તુટી જાય ત્યારે કે એવે જ બીજે પ્રસંગે નીચેના વિધિપ્રમાણે નવું જનોઇ ધારણ કરવું:—

પ્રથમ આચમન લઈ એક પ્રાણાયામ કરવો. પછી હાથમાં જળ લઈ **अत्राद्य महामांगल्यप्रद अमुकमासे अमुकपक्षे अमुकतिथौ**

अमुकवासरे मम श्रौतस्मार्तकर्मानुष्ठानसिद्ध्यर्थं संस्कारपूर्वकनवीनयज्ञोपवीतधारणमहं करिष्ये ॥

એમ બોલી તે જળ તરભાણીમાં નાખવું. પછી જનોઈ હાથમાં લઇ તેનું જળથી પ્રક્ષાલન કરવું. પછી દશ ગાયત્રીવડે જળનું અભિમંત્રણ કરી તે જળથી યજ્ઞોપવીતનું સંપ્રોક્ષણ કરી પછી હાથ ઉંચા કરી તેમાં જનોઇ રાખી નીચેનો મંત્ર ભણી ડાબો હાથ નીચો કરી ડાબા ખભાપર ડાબા હાથદ્વારા તે ધારણ કરવું. ગૃહસ્થ હોય તેણે તેવી જ રીતે બીજું જનોઇ પણ ધારણ કરવું.

ॐ यज्ञोपवीतं परमं पवित्रं, प्रजापतेर्यत्सहजं पुरस्तात् ॥
आयुष्यमग्र्यं प्रतिमुञ्चशुभ्रं, यज्ञोपवीतं बलमस्तु तेजः ॥१॥
यज्ञोपवीतमसियज्ञस्यत्वायज्ञोपवीतेनोपनह्यामि ॥२॥

ત્યારપછી આચમન કરી યથાશકિત ગાયત્રીજપ કરી પછી જૂનું ઉપવીત **ॐसमुद्रं गच्छ स्वाहा** એ મંત્ર બોલી કાઢી નાંખવું. ને કરેલો જપ શ્રીસૂર્યભગવાનૂને નીચેપ્રમાણે બોલી અર્પણ કરવો:—

अनेन नवयज्ञोपवीतधारणार्थे कृतेन यथाशक्ति गायत्रीजपकर्मणा श्रीसविता देवता प्रीयतां न मम॥ ॐ तत्सद्ब्रह्मार्पणमस्तु ॥

भोजनविधि.

જળપાત્ર સાથે રાખી પૂર્વ આદિ દિશાભણી મુખ રાખીને પવિત્ર સ્થળે બેસી, જળનું મંડળ કરી, તેપર ભોજનપાત્ર મૂકવુ; તે-

માં રાંધેલું અન્ન પિરસાઈ રહ્યાપછી હાથમાં જળ લઇ ગાયત્રીમંત્ર-વડે તે પાત્રમાં પિરસેલા અન્નને પવિત્ર કરવું. પછી દિવસે **सत्यंत्वर्त्तेन परिषिंचामि** એ મંત્રવડે તથા રાત્રિએ **ऋतंत्वासत्येनपरिषिंचामि** એ મંત્રવડે પાત્રની આસપાસ પ્રદક્ષિણાની રીતે જળધારા કરવી; પછી તે ધારાના જમણા ભાગમાં જમણી ભણીથી ડાબી ભણી જાય એમ ભાતના ત્રણ બલિ મૂકવા; તે આ પ્રમાણેઃ– ૧ લો. **ॐ भूपतयेनमः** ॥ ૨ જો. **ॐ भुवनपतयेनमः** ॥ ૩ જો **ॐ भूतानां पतये नमः** ॥ પછી **ॐ अमृतोपस्तरणमसिस्वाहा** એ મંત્ર બોલી આચમન લેવું. પછી ડાબા હાથની મધ્યમા (વચલી) અનામિકા અને અંગુઠાવડે ભોજનપાત્રને સ્પર્શ કરીને તથા મૌન ધારણ કરીને **ॐ प्राणायस्वाहा, ॐ अपानायस्वाहा, ॐ व्यानायस्वाहा, ॐ समानायस्वाहा,** ને **ॐ उदानायस्वाहा,** એવા પાંચ મંત્રોવડે પ્રત્યેક મંત્ર એક એક એમ પાંચ આહુતિ ઘી અથવા દૂધવાળા ભાતની પ્રાણને આપવી. ને ત્યારપછી રૂચિપ્રમાણે જમવું. પાત્રનો સ્પર્શ તથા મૌન એ પ્રાણાહુતિપર્યંત આવશ્યક છે. પછી રાખવાં કે ન રાખવાં તે સ્વેચ્છાપર છે. જમી રહ્યાપછી જમણા હાથમાં પાણી લઇ **ॐ अमृतापिधानमसिस्वाहा** એ મંત્રવડે અર્ધું પાણી પી જઈ અર્ધું જે ઠેકાણે બલિદાન મૂકેલ છે તે ઠેકાણે પિતૃતીર્થની રીતે એટલે અંગુઠા તથા તર્જનીના મધ્ય ભાગથી રેડવું. પછી હાથ તથા મુખ ધોઇ સોળ કોગળા કરી બે આચમન લેવાં.

	...ટકર્તાનું નામ.	મૂલ્ય. રૂ. આ. પા.
પરમ ...વની.	રા.રા.કહાનજી ધર્મસિંહ મુંબઈ.	૧—૪—૦
યોગ કૌસ્તુભ. (છપાયછે)	,, પુરૂષોત્તમ કહાનજી જુનાગઢ.	૧—૪—૦
પાતંજલ યોગદર્શન.	,,	૧—૮—૦
સાંખ્યદર્શન.	,,	૧—૮—૦
સ્વરોદય.	રા.રા.ગોવિંદજી ડાહ્યાભાઇ પોરબંદર.	૦—૫—૦
યોગપ્રભાકર.	,, પુરૂષોત્તમ કહાનજી જુનાગઢ.	૦—૩—૦
મનુષ્યમિત્ર. (અપ્રાપ્ય.)	,, વછરાજ જુડાભાઇ જાફરાવાદ.	૦—૧૦—૦
સ્વાભાવિકધર્મ. (અપ્રાપ્ય).	,, પુરૂષોત્તમ કહાનજી જુનાગઢ.	૦—૧૦—૦
શ્રી યજુર્વેદનું આહ્નિક પ્રકાશ. પાંચમી આવૃતિ.	શ્રીમાન્ ઠાકોર સાહેબ. લીંબડી.	વિના મૂલ્યે.
શ્રી યજુર્વેદની સંધ્યા.	રા.રા.ગણપતિરામ નાનાભાઈ. પોરબંદર.	
શ્રી ઋગ્વેદની સંધ્યા.	,, ,, કહાનજી જીવણરામ. ,,	
શ્રી સામવેદની સંધ્યા.	,, ,, ,,	
શ્રી અથર્વવેદની સંધ્યા.	,, ગોવિંદજી ડાહ્યાભાઈ ,,	
શ્રી લઘુસંધ્યાનો ખરડો ત્રીજી આવૃત્તિ.	,, ,, ,,	
શ્રી ઉપદેશગ્રંથાવલિ. અં. ૪.	,, વહાલજી કુબેરજી. બિલખા.	
શ્રી સંધ્યારહસ્ય.	,, ,,	
શ્રી ઋગ્વેદનું આહ્નિક.	શ્રીમાન્ ઠાકોર સાહેબ. લીંબડી.	
શ્રી સામવેદનું આહ્નિક.	,, ,, ,, ,,	
શ્રી અથર્વવેદનું આહ્નિક.	,, ,, ,, ,,	

સૂચના:—પુસ્તક મગાવનારે તે તે પુસ્તકના પ્રકટકર્તાને લખી જોઇતું પુસ્તક મંગાવવું. વિના મૂલ્યે જે પુસ્તકો અપાયછે, તેને માટે તેમના તરફ પોસ્ટેજ અર્ધાઆના વાળી ટિકિટ મોકલવી. ને તે સિવાયના ગ્રંથો માટે મૂલ્ય તથા પોસ્ટેજ મોકલવું.